તંત્રીશ્રીની કલમે

પ્રદુષણ પર સખ્તાઈ

વાયુ પ્રદૂષણમાં પરાળ બાળવાથી નીકળતા ધૂમાડાની ભૂમિકાને જોતાં કેન્દ્ર સરકારે તેને બાળવા પર બેગણો દંડ કરવાનો જે આદેશ કર્યો તે ત્યારે જ અસર કરશે, જ્યારે રાજ્ય સરકારો પરાળ બાળવાથી રોકવા માટે કમર કસશે. અત્યાર સુધી રાજ્ય સરકારો આ મોરચે બહુ સફળ નથી થઈ શકી અને એટલા માટે જ સુપ્રીમ કોર્ટે હાલના દિવસોમાં તેમની કેટલીય વાર ઝાટકણી કાઢી છે. પરાળ બાળવાથી લોકોને રોકવા જ જોઈએ, એટલા માટે કારણ કે હવે તે પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમી ઉત્તર પ્રદેશની સાથે દેશના અન્ય હિસ્સામાં પણ બાળવામાં આવી રહ્યું છે, પરંતુ તેની સાથે એ પણ સમજવું જોઈએ કે વાયુ પ્રદૂષણનું એકમાત્ર કારણ પરાળ બાળવું એ જ નથી. વાયુ પ્રદૂષણમાં વાહનોના ઉત્સર્જનની પણ એક મોટી ભૂમિકા છે, પરંત તેના માટે કોઈપણ સરકાર દ્વારા કોઈ ઠોસ પ્રયત્ન નથી કરવામાં આવતા કે વાહનોના ઉત્સર્જન પર લગામ લાગે. વાહનોના ઉત્સર્જનનું એક મોટું કારણ છે ટ્રાફિકનું સુગમ ન હોવું. નાનાં-મોટાં શહેરોમાં ટ્રાફક જામને કારણે વાહન ધીમા ચાલે છે. જ્યારે એવું થાય છે ત્યારે વાહનોમાંથી ક્યાંય વધુ વિષાક્ત ઉત્સર્જન થાય છે. શહેરોમાં એવાં સ્થાન વધતાં જાય છે, જ્યાં સડકો પર દબાણ અને અવ્યવસ્થિત ટ્રાફિકને કારણે વાહન બહુ જ ધીમી ગતિથી ચાલવા મજબૂર હોય છે. હવે તો સ્થિતિ એ છે કે શહેરી વિસ્તારોમાંથી પસાર થનારા રાજમાર્ગો પર પણ ટ્રાફિક ખૂબ જ જામ રહેવા લાગ્યો છે. તેનાથી સરકારો અને તેમની એજન્સીઓ પણ અજાણ નથી, પરંતુ લાગે છે કે સુગમ ટ્રાફિક કોઈના એજન્ડામાં છે જ નહીં.

એક આંકડા અનુસાર દિલ્હીમાં પ્રદૂષણ સ્થાનિક કારણોસર પણ વધે છે અને તેનું એક મોટું કારણ વાહનોનું ઉત્સર્જન છે. આખરે વાહનોના ઉત્સર્જનને નિયંત્રિત કરવા પર ક્યારે ધ્યાન આપવામાં આવશે? દેશમાં એવાં શહેરોની સંખ્યા વધતી જાય છે, જેની ગણતરી દુનિયાના પ્રદૂષિત શહેરોમાં થવા લાગી છે. જો સરકારો અને તેમની એજન્સીઓ પ્રદૂષણની ગંભીર થતી સ્થિતિથી વાસ્તવમાં ચિંતિત હોય તો પછી તેમણે એ તમામ કારણોનું નિવારણ એક સાથે કરવું જોઈએ, જેનાથી વાયુમંડળ ઝેરી થાય છે. તેમણે પરાળ બાળવાથી રોકવા અને વાહનોના ઉત્સર્જન પર લગામ લગાવવાના ઠોસ ઉપાય કરવાની સાથે જ એના પર પણ ધ્યાન આપવું પડશે કે સડકો અને નિર્માણ સ્થળોથી ધૂળ ન ઊડે. અત્યારે તો તેની કોઈ પરવા નથી કરવામાં આવતી. એ પણ બધા જાણે છે કે કચરો બાળવાથી રોકવાના ઉપાય પણ માત્ર કાગળિયે જ સીમિત રહે છે. લોકોને આ રીતે કોઈ પ્રકારની કાર્યવાહીનો કોઈ ભય નથી રહ્યો, તેથી તેઓ પણ પ્રદૂષણ પ્રતિરોધી ઉપાયોનું પાલન નથી કરતા. આ સ્થિતિ ત્યારે છે, જ્યારે દરેક જણ એનાથી પરિચિત છે કે વાયુ પ્રદૂષણ માનવ સ્વાસ્થ્ય માટે બેહદ ઘાતક સાબિત થઈ રહ્યું છે.

ફિલ્મોના સેટ પર કોન્ડોમનો થાય છે પુષ્કળ ઉપયોગ!

ફિલ્મો અને ટીવી શોમાં ફિલ્માવવામાં આવતા એક્શન દ્રશ્યો અંગે એક મોટો દાવો સામે આવ્યો છે. આ દાવો ખાસ કરીને ફિલ્મોમાં ગોળી વાગતા દ્રશ્યો વિશે છે.

ફેસબુક પર એક્ટર રાજૂ શ્રેષ્ઠા ઉર્ફે માસ્ટર રાજૂએ એક વીડિયો શેર કરીને જણાવ્યું છે કે ફિલ્મોમાં ગોળી વાગ્યા બાદ લોહીવાળા દ્રશ્યોને કેવી રીતે ફિલ્માવવામાં આવે છે. માસ્ટર રાજૂના જણાવ્યાં મુજબ ગોળીવાળા દ્રશ્યોમાં કોન્ડોમની મોટી ભૂમિકા હોય છે. આ કોન્ડોમમાં લોહી (લોહી જેવું પ્રવાહી) ભરીને કોસ્ચ્યુમની અંદર છૂપાવવામાં આવે છે. જે ગોળી વાગતા જ ફાટે છે અને શરીરમાંથી લોહી નીકળતું દેખાય છે. માસ્ટર રાજૂના વીડિયોમાં એ પણ જણાવવામાં આવ્યું છે કે એક્ટરના કપડાની અંદર લોહી (લોહી જેવું પ્રવાહી) ભરીને કોન્ડોમ છૂપાવવામાં આવે છે અને શૂટ દરમિયાન એક બેટરીથી સંચાલિત ફટાકડાથી તેને ફોડવામાં આવે છે. લાંબા વાયરનો એક ભાગ કોન્ડોમમાં લાગેલા ફટાકડા અને બીજો છેડો બેટરી સાથે જોડવામાં આવે છે. ગોળી વાગવાની એક્શન સાથે જ ટેક્નિશિયન પાવર સપ્લાય કરે છે, જેનાથી ફટાકડો ફૂટે અને ત્યારબાદ કોન્ડોમ ફાટે છે. આવી દ્રશ્યો માટે એક મજબૂત અને પાતળા રબરની જરૂર હોય છે. સામાન્ય ફુગ્ગો ગમે ત્યારે ફૂટી જવાનો ડર રહે છે. જ્યારે કોન્ડોમ આ મામલે વધુ ટકાઉ હોય છે. આથી આવા દ્રશ્યોમાં તેનો ઉપયોગ થાય છે.

ટોપ લેવલ સિનેમાના લક્ષ્ય સાથે એક જ બેનર હેઠળ મચાવશે ધૂમ

સાઉથનો સુપરસ્ટાર પ્રભાસ આ દિવસોમાં ક્વોલિટી સિનેમા પર ઘણું ફોકસ કરી રહ્યો છે. તાજેતરમાં પ્રભાસે સારી સ્ક્રિપ્ટ્સ માટે એક પ્લેટફોર્મ લોન્ચ કર્યું છે અને હવે પ્રભાસે હોમ્બલે ફિલ્મ્સ સાથે ૩ ફિલ્મો માટે કરાર સાઈન કર્યો છે. હોમ્બલે ફિલ્મ્સે આ માહિતી આપી છે. જેમાં કહેવામાં આવ્યું છે કે, આ મોટા કરારમાં સાલાર પાર્ટ ૨ સાથે વધુ બે ફિલ્મોનો સમાવેશ થાય છે જે એક પછી એક રિલીઝ થશે. કોઈપણ અભિનેતા અને પ્રોડક્શન કંપની વચ્ચે આ અત્યાર સુધીની સૌથી મોટી ડીલ માનવામાં આવે છે, જે પ્રભાસ અને હોમ્બલે ફિલ્મ્સ બંને માટે નવી અને મોટી તકો લાવશે.

હોમ્બલે ફિલ્મ્સ હાઈ ક્વોલિટીવાળા પ્રોજેક્ટ્સની મજબૂત લાઇનઅપ બનાવી રહી છે, જે ભારતીય પ્રેક્ષકો સુધી ટોચના સ્તરના સિનેમાને લાવવાના તેમના કમિટમેંટને પ્રતિબિંબિત કરે છે. નાની શરૂઆત કરીને, હોમ્બલે એક પ્રોડક્શન હાઉસ બની ગયું છે જે તેની સફળ અને સાંસ્કૃતિક રીતે અર્થપૂર્ણ ફિલ્મો માટે જાણીતું છે. દ્રક્ષ્લ ચેપ્ટર ૧, દ્રક્ષ્લ ચેપ્ટર ૨, કંતારા અને સલાર ૧ જેવી વિશ્વવ્યાપી હિટ ફિલ્મો પછી, તેમની પાસે હવે એક આકર્ષક લાઇનઅપ છે જેમાં મચ અવેટેડ કંતારા ૨ અને દ્રક્ષ્લ ચેપ્ટર ૩ તેમજ સુપરસ્ટાર પ્રભાસની નવી ફિલ્મોનો સમાવેશ થાય છે.ભારતના સૌથી લોકપ્રિય સુપરસ્ટાર પૈકીના એક પ્રભાસ પાસે ઘણી મોટી ફિલ્મો છે, જેમ કે હોમ્બલે ફિલ્મ્સ સાથે સાલાર ૨, રાજા સાબ, સ્પિરિટ, કલ્કી ૨ અને ફૌજી. હોમ્બલે સાથેની આ ડીલ પ્રભાસને ચાર ફિલ્મોમાં કામ કરવાની તક આપે છે.

આલિયા ભટ્ટે દિવાળી પર સિદ્ધિવિનાયક મંદિરના ફૂલોથી રંગેલી સાડી પહેરી

સામાન્ય રીતે લોકો એવું માનતા હોય છે કે સેલેબ્સ તેમના આઉટફિટ રિપીટ કરતાં નથી. પરંતુ આલિયાએ આ બાબતે ઘણી વખત કહ્યું છે કે, મારા વોર્ડ રોબમાં ૩૬૫ દિવસની અલગ અલગ ઈવેન્ટ્સના કપડાં ન હોઈ શકે. તેથી કપડાં રિપીટ કરવામાં કશું જ ખોટું નથી. તેણે પોતાના લગ્નની સાડી કે અન્ય આઉટફિટ પણ એકથી વધુ વખત રિપીટ કર્યા જ છે. તાજેતરમાં પરિવાર સાથે દિવાળીની ઉજવણી કરી રહેલી આલિયાની તસવીરો વાયરલ થઈ હતી, જેમાં તેણે ગોલ્ડન યલો કલરની સાડી પહેરી હતી. તેમજ રણબીર અને રાહાએ પણ ગોલ્ડન યલો કલરના કુર્તા પહેર્યા હતા. આલિયાની આ સાડી એક કસ્ટમ સાડી હતી, જે સસ્ટેનિબિલિટી સાથે વારસા અને હસ્તકળાના મિશ્રણનું એક ઉત્તમ ઉદાહરણ છે. આલિયાની આ સિલ્ક ઓર્ગેન્ઝા સાડી મુંબઈના સિદ્ધિ વિનાયક મંદિરમાં ચઢાવાયેલાં ગલગોટાના ફૂલના અર્કમાંથી ડાઈ કરવામાં આવી હતી. આ જ વાત દર્શાવવા માટે આલિયાએ પોતાની હેરસ્ટાઇલમાં યલો મેરિગોલ્ડ લગાવ્યાં હતાં. તાજેતરમાં જ આલિયાને વારાસા અને સસ્ટેનિબિલિટીને મોર્ડન ટચ આપવા બદલ વોગ ઇન્ડિયા દ્વારા ક્રાફ્ટ રીવાઈવલ એવોર્ડ પણ આપવામાં આવ્યો હતો.

રાજ્યના ૭.૫૮ લાખ અનટ્રેસ- ડ્રોપ આઉટ બાળકોને શોધવા સર્વે કરાશે

અમદાવાદ,

રાજ્યના ૭.૫૮ લાખ જેટલા અનટ્રેસ અને ડ્રોપઆઉટ બાળકોનો સર્વે કરી તેમને પુનઃ શાળામાં દાખલ કરવા માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જેમાં આવા બાળકોનો સર્વે કરવા માટે સુચના અપાઈ છે. આ માટે ૩૦ નવેમ્બર સુધીમાં તમામ પ્રકારની કામગીરી પુર્ણ કરવા આદેશ આપવામાં આવ્યો છે. અગાઉ ઓક્ટોબર અને એપ્રિલ દરમિયાન સર્વે કરવામાં આવ્યો હતો. જેમાં ૧.૧૫ લાખ બાળકોની એન્ટ્રી કરવામાં આવી હતી. આમ, છતાં હજુ મોટી સંખ્યામાં બાળકો અનટ્રેક હોવાથી તેમનો સર્વે કરવા માટે જણાવાયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદાજુદા કારણોથી શાળા બહાર રહેલા ૬થી ૧૯ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ-૧થી ૧૨નું શિક્ષણ પુર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના બાળકોનો સર્વે કરી તેમના શૈક્ષણિક પુનર્વસનની કામગીરી કરવામાં આવે છે. રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત દરેક બાળકને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર છે, જે અન્વયે બાળકોનો સર્વે કરીને બાળકોની વયને અનુરૂપ શૈક્ષણિક પુનઃ વસન અને જરૂર પડે તો ખાસ તાલીમ આપવામાં આવે છે. શિક્ષણ વિભાગના ડાયસના ડેટા મુજબ પ્રારંભિકથી માધ્યમિક કક્ષાનો ટ્રાન્ઝીશનરેટ ઓછો છે. ધોરણ-૬થી ૮ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ડ્રોપઆઉટ રેટ વધારે છે, મુખ્યધારામાં લાવવા માટે બાળકોનો સર્વે કરવા માટે આદેશ અપાયો છે. રાજ્યના ધોરણ-૧થી ૫નો ડ્રોપ આઉટ રેટ ૧.૧૭, ધોરણ-૧થી ૭નો ડ્રોપ આઉટ રેટ ૨.૬૮, ધોરણ-૯થી ૧૦નો ડ્રોપ આઉટ રેટ ૨૩.૨૮ અને ધોરણ-૧૧થી ૧૨નો ડ્રોપ આઉટ રેટ ૬.૧૯ છે. આ ઉપરાંત શાળા પ્રવેશોત્સવ દરમિયાન બાળકની વયકક્ષા મુજબ જે તે ધોરણમાં નામાંકનના પ્રયાસો કરવામાં આવે છે. ઉપરાંત ધોરણ-૫ના તમામ બાળકો ધોરણ-૬માં પ્રવેશે તે માટે અને ધોરણ-૮ના તમામ બાળકો ધોરણ-૯માં નામાંકન થાય તેના માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે. આમ, છતાં ઘણા બાળકો અનટ્રેક રહેલા છે. રાજ્યમાં અનટ્રેક અને ડ્રોપઆઉટ રહેલા બાળકોની સંખ્યા ૭.૫૮ લાખ જેટલી છે. આ ડ્રોપ આઉટ રેટ અને ચાઈલ્ડ ટ્રેકિંગ સિસ્ટમમાં અનટ્રેક બાળકોની માહિતીના અનુસંધાને માનવ વસાહત ધરાવતા કેટલાક વિસ્તારોના બાળકો કોઈ કારણોથી આવરી ન લેવાયેલા હોય અથવા શિક્ષણ મુખ્યધરામાંથી અધવચ્ચેથી શિક્ષણ થોડી દીધેલા હોય તેવા ૬થી ૧૯ વર્ષની વયજૂથના શાળા બહારના બાળકોની સર્વે પ્રક્રિયા દ્વારા ઓળખાણ કરવા માટે સુચના અપાઈ છે. ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે ઓક્ટોબર, ૨૦૨૩ અને એપ્રિલ, ૨૦૨૪ના રોજ શાળા બહારનો સર્વે કરવાની સુચના આપવામાં આવી હતી. જેના કોર્પોરેશન કક્ષાએથી થયેલા સર્વે અને સર્વે મુજબ દરખાસ્ત કરવામાં આવી હતી. જેમાં સર્વે દરમિયાન ૧.૧૫ લાખ બાળકોની એન્ટ્રી કરવામાં આવી હતી, જ્યારે ૬૭ હજાર દરખાસ્ત કરાઈ હતી. મોટી સંખ્યામાં એન્ટ્રી અને દરખાસ્ત પછી પણ ડ્રોપ આઉટ રેટ અને અનટ્રેક બાળકોની સંખ્યા વધુ હોવાથી તેમને સમાવવા માટે નવેમ્બર માસમાં સર્વે કરવા માટે સુચના આપવામાં આવી છે. જેમાં સર્વેયર દ્વારા ૧૬ નવેમ્બર સુધી સર્વે કરવામાં આવશે.

અમરેલીમાં એક કારને 'સમાધિ અપાઈની ઘટના સામે આવી

અમરેલી

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ગામની એક અજીબોગરીબ ઘટના સામે આવી છે. પાડરશિંગા નામના ગામમાં એક એવો અવસર યોજાયો કે જે આજ પહેલાં ક્યાંય યોજાયો ન હતો. એક કારને "દુલ્હન"ની જેમ શણગારવામાં આવી. બાદમાં આ કારની ઢોલ નગારાના તાલ સાથે ધૂમધામથી સમાધિ અપાવીને ૧૨ ફૂટ ઊંડા ખાડામાં વિદાય આપી દેવામાં આવી. કારના માલિકે તેમની "વ્હાલસોયી" કારની વિદાય શાસ્ત્રોક્ત પૂજા-વિધિ દ્વારા કરી. વિદાય આપતા પહેલા કારને એવી શણગારમાં આવી કે દ્રશ્ય જોઈને પ્રથમ નજરે તો એમ જ લાગે કે કાર નવી ખરીદી હશે. પણ આ કારને "સમાધિ" માટે સજ્જ કરાઈ હતી. સમાધિ માટે આજ સુધી આપણે સંતો, મહંતોની કે પછી કોઈ કલ્યાણકારી જીવની જ સમાધિ વિશે સાંભળ્યું છે. પરંતુ, પાડરશિંગામાં તો એક કારને સમાધિ આપવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. ઢોલ-નગારા સાથે ગામમાં "કાર"નું ફૂલેકું પણ નીકાળવામાં આવ્યું. તેમાં ગ્રામજનો સહિત આમંત્રિત મહેમાનો પણ જોડાયા હતા. ઢ્લના તાલે રાસની રમઝટ પણ જામી. પણ સવાલ થાય કે આખરે એક કારને "સમાધિ" શા માટે અપાઈ રહી છે. તો તેની પાછળની સ્ટોરી એટલી જ રસપ્રદ છે. પાડરશિંગા ગામના ખેડૂત સંજય પોલરાએ વર્ષ ૨૦૧૪ આ ફોર વ્હીલર ખરીદી હતી. તેમનું કહેવું છે કે આ કાર ખરીદ્યા બાદ તેમની ખૂબ પ્રગતિ થઈ અને સમાજમાં પદ-પ્રતિષ્ઠા વધ્યા. કાર હવે જૂની થઈ ચુકી છે. પણ જેની સાથે લાગણીનો નાતો બંધાઈ ગયો છે તેવી કારને વેચવાનું મન ન થયું. જે પછી કાર માલિકને આ કારની "સમાધિ"નો વિચાર આવ્યો.

કારને વાજતે-ગાજતે તેના માલિકની વાડીએ લઈ જવામાં આવી હતી. જ્યાં પહેલેથી જ ૧૨ ફૂટ ઊંડો ખાડો તૈયાર રખાયો હતો. કારને તે ખાડામાં લઈ જવામાં આવી અને જેમ સમાધિ પહેલાં લોકો પુષ્પ વરસાવતા હોય છે તેમ કારની સમાધિ પહેલાં તેના ઉપર પણ પુષ્પ વરસાવાયા. તમને નવાઈ લાગશે પરંતુ, આ કારની સમાધિ પહેલાં લોકોને કંકોત્રીથી આમંત્રણ પણ અપાયા હતા. અમદાવાદ, સુરતથી પણ સ્નેહિજનો આ સમાધિને નિહાળવા અહીં ઉમટ્યા હતા. સૌને આ અનોખી સમાધિ નિહાળીને આશ્ચર્ય થયું હતું. આ ભવ્ય કાર્યક્રમ પાછળ લગભગ ચારેક લાખનો તો ખર્ચ કરાયો અને ગામમાં પંદરસો માણસોના જમણવારનું પણ આયોજન કરાયું. જૂની કારને વેચવાને બદલે કે ભંગારમાં આપવાને બદલે સંજય પોલરાએ કંઈક નોખું જ કર્યું છે. હવે આ કારના સમાધિ સ્થળ પર વૃક્ષ પણ રોપવામાં આવશે. જેથી તે મોટું થાય અને કારની યાદગીરી પણ અકબંધ રહે. એક વ્યક્તિનો કાર સાથેનો આ ઋણાનુબંધ હાલ તો ચર્ચાનો વિષય બન્યો છે.

સાબરકાંઠામાં સરકારી સાયકલો ખાય છે ધૂળ, વિદ્યાર્થીનીઓ વંચિત

સાબરકાંઠા, ગુજરાત રાજ્ય સરકાર દ્વારા બે કરોડથી વધારેલી સાયકલો દોઢ વર્ષથી સાબરકાંઠાના વિજયનગર ઇડર પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં ધૂળ ખાઈ રહી છે જોકે વિતરણના અભાવે એક તરફ વિદ્યાર્થીઓ પારાવાર મુશ્કેલી ભોગવી રહ્યા છે તો બીજી તરફ બે કરોડથી વધારેની રકમથી ખરીદાયેલી સાઈકલો આજે પણ દીનપ્રતિદિન ભંગાર બની રહી છે ત્યારે ડિજિટલ ભારત થકી છેવાડાના વ્યક્તિને સુવિધા આપવાના નામે સામાન્ય વિતરણ વ્યવસ્થા ન કરી શકનારા તંત્ર સામે સવાલો ઊભા થયા છે ડિજિટલ ગુજરાતનું એવું દ્રશ્ય કે જે જોઈને કોઈપણ ગુજરાતીને વહીવટી તંત્ર પ્રત્યે સુગ ચડે તો નવાઈ નહી. બેટી બચાવો બેટી વધાવો તેમજ દીકરીઓના અભ્યાસ માટે ગુજરાત સરકાર દ્વારા ધોરણ આઠ પાસ કરતા ની સાથે જ ગરીબ કલ્યાણ મેળા તેમજ પ્રવેશોત્સવ નિમિત્તે સાયકલ આપવામાં આવતી હોય છે સાયકલ આપવાના પગલે ખાસ કરીને વિદ્યાર્થીઓ નો ડ્રોપ આઉટ રેસીયો ઘટે તેમ જ માધ્યમિક શિક્ષણ સંપૂર્ણપણે લઈ શકે તે માટે ગુજરાત સરકાર દ્વારા આ વ્યવસ્થા કરાઈ છે સાથોસાથ ઘરથી નજીકની સ્કૂલમાં જવા માટે સરળતા પડે તે માટે સાયકલ અપાતી હોય છે જોકે ૨૦૨૩ ૨૪ માટે સાબરકાંઠા જિલ્લામાં અંદાજિત ૫,૦૦૦ થી વધારે સાયકલો આજે પણ ખુલ્લામાં ધોળ ખાઈ રહી છે એક તરફ ૫૦ ઈંચ થી વધારે વરસાદ ખુલ્લામાં રહેલી સાયકલો ઉપર ખાબકતા તમામ સાયકલો ભંગાર બની ચૂકી છે. ગુજરાત સરકાર દ્વારા ગુજરાતના ૩૦થી વધારે જિલ્લાઓમાં કરોડો રૂપિયાની સાયકલો દૂર ખાઈ રહી છે જેમાં સાબરકાંઠા જિલ્લાની વાત કરાય તો જિલ્લામાં ૫૩૦૦ જેટલી સાયકલો આજે પણ કોઈપણ પ્રકારની સુરક્ષા વિના ખુલ્લામાં પડી રહેલી છે આદિજાતિ કલ્યાણ વિભાગની શાળાના મેદાનમાં તમામ સાયકલો છેલ્લા કેટલાય સમયથી મૂકી રાખવામાં આવી છે જોકે એક તરફ સાબરકાંઠા જિલ્લામાં સતત વરસાદના પગલે મોટાભાગના વિસ્તારોમાં સાયકલોથી પણ ઘાસ વધી ચૂક્યું છે તેમજ સતત વરસાદના પગલે તમામ સાયકલો ભંગાર બની રહી છે ત્યારે દીકરીઓના અભ્યાસમાં સરળતા માટે આપવામાં આવતી સાયકલો યથાવત સ્વરૂપે પડી રહેતા હવે સ્થાનિક અરજદારો માં પણ ભારે રોષ આપ્યો છે આ અંગે કેટલીય રજૂઆતો કરાઈ હોવા છતાં સામાન્ય વિતરણ વ્યવસ્થા ન કરાઈ શકવાના પગલી કરોડો રૂપિયા પાણીમાં જઈ રહ્યા છે. બીજી તરફ હજારો વિદ્યાર્થીઓ આજે પણ રજરપાટ કરવા મજબૂર બન્યા છે છતાં કોઈપણ પ્રકારની કાર્યવાહી વિના માત્ર કાગળ ઉપર સબ સલામત હેના નારા લાગી રહ્યા છે

પાટણમાં સરકારી શાળામાં પુસ્તકો પટાવાળાએ પસ્તીમાં વેચી માર્યા

પાટણ,

સરસ્વતીના અઘારમાં આવેલા સરસ્વતી તાલુકા બીઆરસી ભવનમાં વર્ષ ૨૦૨૪-૨૫ માં સરકારી શાળાઓમાં વિતરણ કરવા માટેના ૫૦૦ થી વધુ શીલ બંધ પુસ્તકો પટાવાળા દ્વારા બારોબાર ભવનમાંથી ભંગાર વાળાને વેચી મારતા એક વાલી દ્વારા રસ્તા ઉપરથી સરકારી પુસ્તકો ભરેલ રિક્ષા પકડી ભાંડો ફોડતા શિક્ષણ વિભાગ ઉંઘતુ પકડાયું છે. હાલમાં બીઆરસી દ્વારા તાત્કાલિક પટાવાળાને નોકરીમાંથી છૂટો કરી વેચાણ કરેલા પુસ્તકો પરત લાવી ફરીથી ભવનમાં સંગ્રહિત કરાયા હતા.સરસ્વતી તાલુકામાં વર્ષ ૨૦૨૪-૨૫માં સરકારી શાળામાં ધોરણ ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કાર્ય કરવા માટે સરકાર માંથી વિતરણ કરવા માટે સરસ્વતી બી.આર.સી ભવનમાં આવેલા સ્વાધ્યાય પોથી ચિત્રકલા જેવા વિવિધ પુસ્તકોનો જથ્થો પટાવાળા દ્વારા ભંગાર વાળાને બોલાવી પસ્તીના ભાવમાં વેચી માર્યો હતો. પસ્તી ભરીને પાટણ તરફ આવી રહેલ છકડો રિક્ષાને એક જાગૃત વાલી જોઈ જતા સુજનીપુર નજીક ઉભો રખાવી પૂછપરછ કરતા અને તપાસતા અંદર નવા બંડલ મારેલા સીલબંધ અસંખ્ય પુસ્તકો હોઈ શંકાસ્પદ લાગતા ઉભો રખાવી તાત્કાલિક બીઆરસી કો-ઓર્ડીનેટરને ટેલીફોનિક જાણકારી આપી છકડો રિક્ષા સરસ્વતી પોલીસ સ્ટેશન ખાતે લઈ જઈને ઉભો રાખવામાં આવ્યો હતો. ઘટનાના પગલે તાત્કાલિક બીઆરસી કો-ઓર્ડીનેટર દિલીપભાઈ નાઈ સ્થળ ઉપર દોડી આવી તેમની જાણ બહાર આ પુસ્તકો વેચાણ કરવામાં આવ્યા હોય તાત્કાલિક જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને જાણ કરી સૂચના મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.બીઆરસી દ્વારા પટાવાળાને નોકરીમાંથી છૂટો કરી વેચાણ કરેલા પુસ્તકો પરત લાવી ફરીથી ભવનમાં સંગ્રહિત કર્યા.

સરસ્વતી બીઆરસી દિલીપભાઈ નાઈએ જણાવ્યું હતું કે ધો. ૧ થી ૧૨ સુધીના પુસ્તકો જેમાં સ્વાધ્યાયપોથી ચિત્રકલા જેવા પુસ્તકો વિતરણ માટે આવ્યા હતા.આ વર્ષની સંખ્યા પ્રમાણથી વધુ પુસ્તકો આવ્યા હોઈ વિતરણ બાદ વધેલા પુસ્તક પડયા હતા.પુસ્તકો મંજૂરી વગર વેચાણ કરી શકાતા નથી અમારી જાણ બહાર પટાવાળાએ આ કૃત્ય કર્યું છે. તાત્કાલિક ઉપરી અધિકારીને જાણ કરી હતી જેમના આદેશ મુજબ તાત્કાલિક થર્ડ પાર્ટી કોન્ટ્રાક્ટર બેજ પટાવાળા હોઈ નોટિસ આપી છૂટા કરવામાં આવ્યા છે. ભવિષ્યમાં આવું ના થાય તેના માટે બીઆરસી ભવનમાં હવે પૂરતી સુરક્ષા અને તકેદારી રાખવામાં આવશે. છકડો રિક્ષા પકડનાર બનસિંગ સોલંકીએ જણાવ્યુ હતું કે સરસ્વતી બીઆરસી ઓફિસમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા રણજિત ઠાકોરે અઘાર ગામે શુક્રવારે સવારે પહેલા સત્રના અંદાજે ૩૦ થી ૩૫ હજારના ૫૦૦ થી વધુ બાળકોને ઉપયોગી પાઠ્યપુસ્તકો ફેરિયા કમલેશ પટ્ટણીને ઉચક પુસ્તકોનો જથ્થો ૪ હજારમાં વેચી દીધો હતો.

ફેરિયો છકડો ભરીને લઈને જતો હતો. સીલ બંધ પુસ્તકો હોઈ નજર પડતા ઉભો રખાવતા તેના જવાબ જ લાગતા મને શંકા ગઈ અને પૂછપરછ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો. એક તરફ બાળકોને પુસ્તકો મળી રહ્યા નથી બીજી તરફ આ રીતે પસ્તીના ભાવમાં વેચાણ કરવામાં આવતું હોય આવા લોકો સામે કડકમાં કડક કાર્યવાહી થાય તેવી અમારી માંગણી છે.

૬૦ હજારથી વધારે કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવા સરકારની જાહેરાત

અમદાવાદ, જૂની પેન્શન યોજના અંગે સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. વર્ષ ૨૦૦૫ પહેલાં સરકારી નોકરીમાં લાગેલા કર્મચારીઓને જીનો લાભ આપવાનો ઠરાવ ગુજરાત સરકારે પાસ કર્યો છે. ૬૦ હજારથી વધારે કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની સરકારે જાહેરાત કરી હતી. જૂની પેંશન યોજનાને લઈ અંતે નાણાં વિભાગે સત્તાવાર ઠરાવ જાહેર કર્યો છે. જે મુજબ ૧-૪-૨૦૦૫ પહેલા પસંદગી પામેલા અને ફિક્સ પેમાં રહેલા કર્મચારીઓ માટે જૂની પેંશન યોજના જાહેર કરવામાં આવી છે. ૧-૪-૨૦૦૫ પહેલા પસંદગી પામેલા અને ફિક્સ પેમાં રહેલા કર્મચારીઓ માટે જૂની પેંશન યોજના લાગુ રહેશે તેવો નાણાં વિભાગે સત્તાવાર ઠરાવ જાહેર કર્યો.ઉલ્લેખનીય છે કે અગાઉ સરકારે ૬૦ હજારથી વધારે સરકારી કર્મચારીઓને જૂની પેન્શન યોજનાનો લાભ આપવાની જાહેરાત કરી હતી. ત્યારે હવે ઠરાવ પાસ કરી દેવાતા વર્ષ ૨૦૦૫ પહેલાના સરકારી કર્મચારીઓમાં ખુશી ફેલાઈ છે.

કાશ્મીર ભારતનું છે અને રહેશેઃ સુધાંશુ ત્રિવેદી

નવી દિલ્હી, સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાને ફરી એક વાર કાશ્મીરને લઈને હક જતાવવાની કોશિશ કરી. તેમણે એલઓસી પર યૂએનના પર્વક્ષક સમૂહ યૂએનએમઓજીઆઈપીની માગ કરવાની કોશિશ કરી. તેના પર યૂએનમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવા પહોંચેલા રાજ્યસભાના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સુધાંશુ ત્રિવેદીએ જવાબ આપ્યો હતો. તેમણે ચર્ચા દરમ્યાન પાકિસ્તાન વારંવાર જમ્મુ કાશ્મીરનો મુદ્દો ઉછાળવાની કોશિશ કરી. ત્રિવેદીએ પાકિસ્તાન પર મંચને ગુમરાહ કરવા માટે નિવેદનબાજી અનો જુઠાણુ ફેલાવાનો આરોપ લગાવ્યો. ત્રિવેદીએ કહ્યું કે, ભારત પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલી ટિપ્પણીઓના જવાબમાં જવાબ આપવાનો પોતાનો અધિકાર પસંદ કરે છે. જેણે ફરી એક વાર આ પ્રતિષ્ઠિત સંસ્થાને તેના એજન્ડાથી ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. પાકિસ્તાનની આ નાપાક હરકત પર ત્રિવેદીએ ભારતની દ્રઢ સ્થિતિને વાગોળતા કહ્યું કે, કેન્દ્ર શાસિત પ્રદેશ જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ હતું અને રહેશે. ત્રિવેદીએ પાકિસ્તાનને આવા નિવેદનોથી દૂર રહેવાનો આગ્રહ કર્યો. તેમણે ભાર આપીને કહ્યું કે, પાકિસ્તાન તરફથી વારંવાર બૂમો પાડવાથી તથ્યો બદલાઈ જશે નહીં. ત્રિવેદીએ કહ્યું કે, જમ્મુ અને કાશ્મીરના લોકોએ હાલમાં જ પોતાના લોકતાંત્રિક અને ચૂંટણી અધિકારનો ઉપયોગ કર્યો અને એક નવી સરકાર ચૂંટી છે. પાકિસ્તાનને આવી નિવેદનબાજી અને જૂઠાણાથી દૂર રહેવું જોઈએ, કારણ કે તેનાથી તથ્યો બદલાશે નહીં.વાસ્તવમાં, ભારતની પ્રતિક્રિયા પાકિસ્તાની પ્રતિનિધિની ટિપ્પણી પછી આવી છે, જેણે ભારત અને પાકિસ્તાનમાં સંયુક્ત રાષ્ટ્રના લશ્કરી નિરીક્ષક જૂથ (UNMOGIP) વિશે વાત કરી હતી.

શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિમીટેડ

SHRIRAM HOUSING FINANCE

હેડ ઓફિસ : લેવલ - ૩, વોકહાર્ટ ટાવર્સ, પૂર્વ વિંગ, સી-૨, બ્લોક - સી-૨, બાન્દ્રા કુરલા કોમ્પ્લેક્ષ, બાન્દ્રા (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૫૧, **ટેલિ. નં.** ૦૨૨ - ૪૨૪૧ ૦૪૦૦, ૦૨૨ ૪૦૬૦, ૩૧૦૦, **વેબસાઈટ :** http://www.shriramfinance.in
રજીસ્ટર્ડ ઓફિસ : શ્રીનિવાસ ટાવર, પહેલો માળ, દુન નં. ૫, જુનો નં. ૧૧, બીજી લેન, સેનાટોફ રોડ, અલવરપેટ, ટેનામ્પેટ, ચેન્નાઈ-૬૦૦૦૦૧.
શાખા ઓફિસ : ૨૦૨-૨૦૭, ૩૨૩, કોર્પોરેટ પાર્ક, ગીરીશ કોલ્ડ ડ્રીક્સ ક્રોસ રોડ, સી જી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.

પરિશિષ્ટ-૪-એ (નિયમ ૮(૧) ની જોગવાઈ જુઓ) **સ્થાવર મિલકતોના વેચાણ માટે વેચાણ નોટીસ**

સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી નોટીસ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ ૨૦૦૨ ના નિયમ ૮(૬) ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધારકર્તા અને જામીનદારોને સુચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો શ્રીરામ હાઉસીંગ ફાયનાન્સ લિમીટેડ પાસે ગીરો / ચાર્જ કરેલ છે. **શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ** ના અધિકૃત અધિકારી દ્વારા **પ્રત્યક્ષ કબજો** લેવામાં આવ્યો છે તે મિલકત **"જેમ છે ત્યાં છે" "જેમ છે તે છે" અને "જે ત્યાં છે"** પર વેચવામાં આવશે. શ્રીરામ ફાઈનાન્સ લિમીટેડને બાકીની રકમની વસુલાત માટે ઈ-હરાજીના આધારે, ટેબલમાં જણાવ્યા મુજબ, ઉધારકર્તા અને જામીનદારો અને બાંયધરી આપનારની વિગતો, બાકી રકમ, સ્થાવર મિલકતનું ટૂંકું વર્ણન અને તેના પર જાણીતા બોજો, કબજાનો પ્રકાર, અનામત કિંમત અને બાનાની થાપણ અને બીડ વધારવાની રકમ પણ આપવામાં આવે છે.

ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારો/મોર્ગેજરોનું નામ	ડીમાન્ડ નોટીસ ૧૩(૨) હેઠળની બાકી રકમ, તારીખ	અનામત કિંમત (રૂા.) અને બીડ વધારવાની રકમ	અર્નેસ્ટ મની ડીપોઝીટની વિગતો (ઈએમડી) વિગતો	હરાજીની તારીખ, સમય	સંપર્ક વ્યકિત અને નિરીક્ષણ ની તારીખ
(૧). શ્રી કમલેશગીરી અપારનાથી, (૨). શ્રીમતી અપારનાથી જશુમતીબેન કમલેશગીરી **ક્રમ નં. ૧ અને ૨ સરનામું :** મું. ભાણવાડ, સિધ્ધી વિનાયક પાર્ક - ૨, ભારત ગેસ ની પાસે, ઓમકાર રેસીડેન્સી, ભાણવાડ, દેવ ભૂમી દ્વારકા - ૩૬૦૫૧૦ **અને અહીં પણ ક્રમ નં. ૧ અને ૨ સરનામું :** સાંઈનાથ નાયલોન ખમણ, સિધ્ધી વિનાયક પાર્ક - ૨, ફતેપુર રોડ, મું. ભાણવાડ, દેવ ભૂમી દ્વારકા - ૩૬૦૫૧૦. **અને અહીં પણ ક્રમ નં. ૧ અને ૨ સરનામું :** પ્લોટ નં. ૨૧, મહાલક્ષ્મીનગર, વેરાડ નાકા બહાર, પટેલ સમાજ ની પાસે, બસ સ્ટેન્ડની સામે, સ્ટેશન રોડ, ભાણવાડ, દેવભૂમી, દ્વારકા - ૩૬૦૧૫૦. **પઝેશનની તારીખ અને પઝેશનનો પ્રકાર** **૨૮.૦૯.૨૦૨૪ અને પ્રત્યક્ષ કબજો** **બોજો જાણમાં** : **જાણમાં નથી**	૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ તા. ૧૨.૦૧.૨૦૨૪ ------------- રૂા. ૧૮,૬૪,૮૭૩/- (રૂા. અઢાર લાખ ચોસઠ હજાર આઠસો તોતેર પુરા) તા. ૧૧.૦૧.૨૦૨૪ ના સુધીનું, લોન એકાઉન્ટ નં. SHLHJMN G0000103	**રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂા. દસ લાખ પુરા)** --------- **બીડ વધારવાની રકમ : રૂા. ૧૦,૦૦૦/- દરેકના ગુણાંકમાં** **અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) (રૂા.)** **રૂા. ૧,૦૦,૦૦૦/- (રૂા. એક લાખ પુરા)** ---------- **ઈએમડી ભરવાની છેલ્લી તારીખ : તા. ૨૨.૧૨.૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૫.૦૦ વાગ્યા સુધી**	શ્રીરામ ફાયનાન્સ લિમિટેડની તરફેણમાં નીચે દર્શાવેલ ખાતાની વિગતોમાં RTGS / NEFT દ્વારા EMD રકમ જમા કરવાની રહેશે. બેંકનું નામ : એકિસસ બેંક લિમીટેડ શાખા : બાંદ્રા કુરલા કોમ્પ્લેક્ષ, મુંબઈ. બેંક એકાઉન્ટ નં. ચાલુ ખાતા નં. ૯૧૧૦૨૦૦ ૪૫૬૭૭૬૩૩ ---------- IFSC Code : UTIB0000230	**તા. ૨૩.૧૨. ૨૦૨૪ અને સમય : સવારે ૧૧.૦૦ થી બપોરે ૧.૦૦ વાગ્યા સુધી**	**શ્રી અશફાક પાટકા (મો) : ૯૮૧૯૪૧૫૪૭૭** ---------- **શ્રી મો. શફીક એમ શેખ, (મો) : ૯૯૭૮૬૨૪૬૧૪** ---------- **શ્રી હિતેશકુમાર જોષી (મો) : ૯૮૭૯૯૪૦૭૧૩** ------- **શ્રી ધર્મેન્દ્રસિંહ ચૌહાણ (મો) : ૭૬૦૦૭૬૨૭૭૭ કસ્ટમર કેર નં. ૦૨૨-૪૦૦૮૧૫૭૨** -------- **મિલકતનું નિરીક્ષણ તા. ૨૫.૧૧.૨૦૨૪ ના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક સુધી**

મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સા સાથેની જમીનનો પ્લોટ નં. ૨૧, જમીનનું ક્ષેત્રફળ ૯૬.૦૦ સ્કે.મી., બાંધકામનું આશરે ક્ષેત્રફળ ૬૯.૯૩ સ્કે.મી. (મંજુર કરેલ પ્લાન મુજબ ભાણવાડ નગરપાલીકા), બાંધકામનું આશરે ક્ષેત્રફળ ૮૧.૮૯ સ્કે.મી. (હાઉસ ટેક્ષ બીલ મુજબ ભાણવાડ નગરપાલીકા), કાર્પેટ એરીયાનું આશરે ક્ષેત્રફળ ૪૪૫/૧ પૈકી, મહાલક્ષ્મીનગર થી જાણીતો એરીયા, શીટ નં. ૨૬, સર્વે નં. ૩૦૩૯/૨૧, જે સ્થિત ગામ અને સબ જીલ્લો - ભાણવાડ, જીલ્લો - દેવભૂમી દ્વારકા, ગુજરાત. ચતુઃસીમા :- પૂર્વે : પ્લોટ નં. ૪૬, પશ્ચિમે : ૯.૦૦ મી. પહોળો રોડ, ઉત્તરે : પ્લોટ નં. ૨૦, દક્ષિણે : પ્લોટ નં. ૨૨.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમિટેડની વેબસાઈટમાં આપેલી http://shriramhousing.in/e-auction-Residential લિંકનો સંદર્ભ લો.

સરફેસી એક્ટ - ૨૦૦૨ મુજબ નિયમ ૮(૬) હેઠળ અનુગામી વેચાણ માટે વૈધાનિક ૩૦ દિવસની વેચાણ સુચના

મોર્ગેજરો / ઉધારકર્તાઓને હરાજી પહેલા વધુ વ્યાજ સાથે કુલ લેણાં ચુકવવાની છેલ્લી તક આપવામાં આવે છે, જો તેમાં નિષ્ફળતા ઉપરના સમયપત્રક મુજબ સુરક્ષીત મિલકતના વેચાણ કરવામાં આવશે.

મોર્ગેજરો / ઉધારકર્તાઓને વિનંતી છે કે મિલકતની અંદરની બધી જંગમ વસ્તુઓ પાછી લઈ લો.

નોંધ : મહેરબાની કરીને નોંધ કરો કે સુરક્ષીત લેણદાર ઝડપ / રજીસ્ટર્ડ પોસ્ટ દ્વારા તમામ ઉધારકર્તાઓ / જામીનદારો / મોર્ગેજરોને વેચાણ નોટીસ ઈશ્યુ કરશે. જો તે કોઈપણ પક્ષકારો દ્વારા પ્રાપ્ત ન થાય, તો વેચાણની સુચનાના આ પ્રકાશનને સેવાના અવેજી મોડ તરીકે ગણવામાં આવશે.

સહી/-,
સ્થળ : ભાણવાડ, જીલ્લો - દેવભૂમી દ્વારકા, તારીખ : ૧૮.૧૧.૨૦૨૪ **અધિકૃત અધિકારી, શ્રીરામ હાઉસીંગ ફાઈનાન્સ લિમીટેડ**